પીચ, મિચેલ અને ફિલિપ્સે ભારતને જીતથી વંચિત રાખ્યું

ભારતીય બોલરોના પુરતા પ્રયત્નો છતાં બેસિન રિઝર્વની સપાટ પીચને કારણે ભારતની જીત ટળી

ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે 312 બોલ રમીને ન્યૂઝીલેન્ડની હારને ટાળીને પ્રથમ ટેસ્ટ ડ્રો કરી

ચજમાન ટીમે આખા દિવસમાં કુલ મળીને 75 ઓવર રમી માત્ર 120 રન જ બનાવ્યા.

વેલિંગ્ટન, તા. 23 (પીટીઆઈ) : અહીં રમાયેલી પ્રથમ ટેસ્ટમાં આજે સોમવારે પાંચમાં દિવસે ભારતીય બોલરોએ પોતાની પૂરી તાકાત લગાવી દીધી, પરંતુ બેસિન રિઝર્વની નિર્જીવ અને સપાટ પીચને કારણે ભારત જીતથી વંચિત રહ્યા.

તેમાં ન્યૂઝીલેન્ડના બેટ્સમેન ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સે 312 બોલ રમીને મક્કમતાથી બચાવ કરીને મેચને સન્માનજનક ડ્રોમાં ફેરવી હતી.

ન્યૂઝીલેન્ડે દિવસની શરૂઆત બે વિકેટે 119 રનથી કર્યા બાદ, બીજા દાવમાં પાંચ વિકેટે 239 રન બનાવ્યા હતા ત્યારે બંને કેપ્ટનોએ હાથ મિલાવીને મેચ ડ્રો જાહેર કરી હતી.

દિવસ દરમિયાન સારો એવો પવન ફૂંકાઈ રહ્યો હતો અને વાદળછાયું વાતાવરણ પણ હતું, પરંતુ પીચમાં એવી કોઈ ખાસ હલચલ નહોતી કે જે સાવધાનીથી ડિફેન્સ ગેમ રમી રહેલા બેટ્સમેનોને મુશ્કેલીમાં મૂકે. અસમાન ઉછાળનો કોઈ ભય ન હોવાથી ન્યૂઝીલેન્ડના બેટ્સમેનો સીધા બોલ રમી શક્યા અને આસાનીથી બચાવ કરી શક્યા. વ્હાઈટ-બોલ ક્રિકેટના બે દિગ્ગજ મિચેલે 187 બોલ રમીને નોટઆઉટ 49 અને ફિલિપ્સે 126 બોલ રમીને નોટઆઉટ 26 રન કરીને પોતાની રમતનું અલગ જ પાસું બતાવીને શાનદાર ડિફેન્સિવ ટેકનિક રજૂ કરી. શુભમન ગિલે બોલરોમાં સતત ફેરફાર કર્યા, પરંતુ તેમને ખાસ સફળતા મળી નહીં. કીવી ટીમના બચાવના અભિગમનો અંદાજ આંકડા પરથી જ આવી જાય છે કે તેમણે આખા દિવસમાં 75 ઓવર રમીને માત્ર 120 રન જ બનાવ્યા. તેમનો એકમાત્ર ઉદ્દેશ સમય પસાર કરવાનો હતો.

ન્યૂઝીલેન્ડ પ્રથમ દાવ	368
ભારત પ્રથમ દાવ	720/9 ડિક્લેર

ન્યૂઝીલેન્ડ બીજો દાવ	રન	બોલ	4	6
લાથમ કો.પંત બો.બુમરાહ	0	2	0	0
કોનવે કો.પંત બો.સુંદર	65	165	7	0
નિકોલ્સ કો.જુરેલ બો.પ્રસિદ્ધ	31	59	3	0
રચિન કો.રાહુલ બો.પ્રસિદ્ધ	37	129	4	0
મિચેલ નોટઆઉટ	49	186	4	1
બ્લંડેલ કો.પંત બો.કંબોજ	15	54	1	0
ફિલિપ્સ નોટઆઉટ	26	126	2	0
વધારાના	16			
કુલ (120 ઓવરમાં પાંચ વિકેટે)	239			

વિકેટપતન : 1-0, 2-60, 3-132, 4-139, 5-176

બોલિંગ	O	M	R	W
જસપ્રીત બુમરાહ	20	7	42	1
આકાશ દીપ	20	6	47	0
અંશુલ કંબોજ	22	5	45	1
પ્રસિદ્ધ કૃષ્ણા	19	10	23	2
વોશિંગ્ટન સુંદર	35	14	65	1
દેવદત્ત પડીકલ	1	0	2	0
યશસ્વી જયસ્વાલ	2	0	4	0
ધ્રુવ જુરેલ	1	0	1	0



ક્રાઇસ્ટચર્ચ ટેસ્ટ પહેલાં બોલિંગ આક્રમણ પર મંથન

27 નવેમ્બરથી શરૂ થનારી બીજી ટેસ્ટ માટે ક્રાઇસ્ટચર્ચ જતા પહેલાં, ભારતના મુખ્ય કોચ ગૌતમ ગંભીર અને ગિલ ઝડપી બોલિંગ આક્રમણની રચના પર ફરીથી વિચાર કરવા માગશે. ટીમ મેનેજમેન્ટ મહંમદ સિરાજના વર્તમાન ફોર્મથી નાખુશ હોવાનું જણાય છે. જોકે, સિરાજ પાસે અનુભવ છે, જ્યારે ગુરનૂર બ્રાર પાસે ઝડપ અને સતત ઉછાળ મેળવવાની ક્ષમતા છે, જે પ્રસિદ્ધ બેસિન રિઝર્વમાં કરવામાં નિષ્ફળ રહ્યો હતો.

ડ્રોથી WTC ફાઇનલમાં પહોંચવાની ભારતની આશાને ફટકો

વેલિંગ્ટન ટેસ્ટ ડ્રો થવાથી વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશિપ (ડબલ્યુટીસી) ફાઇનલમાં પહોંચવાની ભારતની આશાઓને વધુ ફટકો પડ્યો છે. ભારત ચોથા સ્થાને જ રહ્યું, પરંતુ તેના પોઇન્ટ્સની ટકાવારી 51.52 થી ઘટીને 50 થઈ ગઈ છે. ન્યૂઝીલેન્ડ પણ બીજા સ્થાનેથી સરકીને ત્રીજા સ્થાને પહોંચી ગયું છે અને તેના પોઇન્ટ્સની ટકાવારી 66.67 છે. ડબલ્યુટીસી પોઇન્ટ ટેબલમાં દક્ષિણ આફ્રિકા 75ન ટકા સાથે ટોચ પર યથાવત્ છે, જ્યારે ઓસ્ટ્રેલિયા 69.23 ટકા સાથે બીજા સ્થાને આવી ગયું છે.

વર્લ્ડ ટેસ્ટ ચેંમ્પિયનશિપ 2025-2027 પોઇન્ટ ટેબલ

ક્રમ	ટીમ	મેચ	જીત	હાર	ડ્રો	દંડ	પોઇન્ટ	ટકાવારી
1	દક્ષિણ આફ્રિકા	8	6	2	0	0	72	75.00
2	ઓસ્ટ્રેલિયા	13	9	4	0	0	108	69.23
3	ન્યૂઝીલેન્ડ	7	4	1	2	0	56	66.67
4	ભારત	12	5	4	3	0	72	50.00
5	બાંગ્લાદેશ	9	3	4	2	0	44	40.74
6	ઇંગ્લેન્ડ	16	7	8	1	14	74	38.54
7	વેસ્ટઇન્ડિઝ	14	3	8	3	2	46	27.38
8	શ્રીલંકા	8	1	3	4	15	13	13.54
9	પાકિસ્તાન	11	3	7	1	24	16	12.12

વેલિંગ્ટન ટેસ્ટ ડ્રો થતાં ચાહકોમાં ગંભીર અને પસંદગીકારો સામે રોષની લાગણી

સેકન્ડ ઇનિંગ સ્પેશિયાલિસ્ટ શમીની અવગણના કરીને તેને નિવૃત્ત કરાવી દીધો હવે સિરાજના પણ એ જ હાલ થવાની શંકા

312 બોલ રમીને મેચ ડ્રો કરાવી ગયેલા ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સ સામે જાડેજા જેવા લેગ સ્પિનરની જરૂર હતી

નવી દિલ્હી, તા. 23 : ન્યૂઝીલેન્ડ સામે વેલિંગ્ટનમાં રમાયેલી પ્રથમ ટેસ્ટ ડેરિલ મિચેલ અને ગ્લેન ફિલિપ્સ 312 બોલ રમીને ડ્રોમાં ખેંચી ગયા તેની સાથે જ ભારતીય ટીમની પ્લેઇંગ ઇલેવન મામલે ચાહકોમાં રોષની લાગણી જોવા મળી રહી છે અને કોચ ગૌતમ ગંભીર અને ભારતીય પસંદગીકારો દ્વારા જે મનમાની ચલાવાઇ રહી છે તે ચાહકોના રોષનું કારણ બની રહી છે. આજે સોમવારે ટેસ્ટ ડ્રો થઇ ત્યારે ચાહકોના મનમાં સૌથી પહેલો જે સવાલ આવ્યો હતો તે એ હતો કે મિચેલ અને ફિલિપ્સ જેવા બે જમણેરી બેટ્સમેનો જે રીતે જામી ગયા તેને ધ્યાને લેતા તેમની સામે એક લેગ સ્પિનરની જરૂર હતી અને તેથી જ ટીમમાં રવિન્દ્ર જાડેજા હોવો જોઇતો હતો. વોશિંગ્ટન સુંદર કરતાં જાડેજા વધુ ઉપયોગી ઓલરાઉન્ડર છે એ વાતને કોઇ નકારી શકે તેમ નથી, છતાં તેના સ્થાને સુંદરને પ્રાથમિકતા આપવા પાછળનું કારણ સમજાતું નથી. વળી વિદેશની ધરતી પર સારું પ્રદર્શન કરતાં આવેલા મહંમદ સિરાજને પ્લેઇંગ ઇલેવનમાં સામેલ ન કરવાની ભુલ આ ટેસ્ટમાં સ્પષ્ટ જણાઇ હતી. ભારતીય ઝડપી બોલર મહંમદ શમીનું પેટનેમ જ સેકન્ડ ઇનિંગ સ્પેશિયલ છે અને તેની સતત અવગણના કરીને તેને નિવૃત્તિ લેવા માટે ગંભીર આણી મંડળીએ મજબૂર કરી દીધો હતો અને હવે એવી જ હાલત સિરાજની થવા અંગે ચાહકો શંકા વ્યક્ત કરી રહ્યા છે.

ICC ઇન્ટરનેશનલ ક્રિકેટમાં IPLનો બેટના માપ સંબંધિત નિયમ અપનાવશે

ગાંગુલીની આગેવાનીવાળી ક્રિકેટ સમિતિએ ક્રિકેટની વૈશ્વિક બોડીને આ પગલાની ભલામણ કરી

ઇન્ટરનેશનલ ક્રિકેટમાં હવે મેટલ ગેજ વડે બેટની રેન્ડમ તપાસ કરવાનો નિયમ શરૂ થઇ શકે

દુબઇ, તા. 23 : ઇન્ટરનેશનલ ક્રિકેટ કાઉન્સિલ (આઇસીસી) ઇન્ડિયન પ્રીમિયર લીગ (આઇપીએલ) પાસેથી પ્રેરણા લઇને ઇન્ટરનેશનલ ક્રિકેટમાં મેટલ ગેજ વડે બેટના માપની રેન્ડમ તપાસ કરવાનો નિયમ અપનાવવા જઈ રહી છે, આઇપીએલે ગયા વર્ષે આ પદ્ધતિ શરૂ કરી હતી.

એક અખબારના જણાવ્યા અનુસાર, સૌરવ ગાંગુલીના નેતૃત્વ હેઠળની ક્રિકેટ સમિતિએ વિશ્વ સંસ્થાને આ પગલાની ભલામણ કરી હતી અને બાલીમાં યોજાયેલી તાજેતરની બેઠકો દરમિયાન આઇસીસીની ચીફ એક્ઝિક્યુટિવ્સ કમિટીએ તેને સ્વીકારી લીધી છે. એમસીસીના ક્રિકેટના નિયમો હેઠળ બેટની ધારની જાડાઈ 1.56 ઈંચથી વધુ ન હોઈ શકે, જ્યારે મહત્તમ માન્ય ઊંડાઈ અને પહોળાઈ અનુક્રમે 2.64 ઈંચ અને 4.25 ઈંચ છે. આઇસીસી પણ ચોક્કસ બેટ-ગેજ ફરજિયાત બનાવે છે અને કાયદેસરના બેટ તેમાંથી પસાર થવા જોઈએ, પરંતુ આઇપીએલથી વિપરીત ઇન્ટરનેશનલ ક્રિકેટમાં અમ્પાયરો મેદાન પર રેન્ડમ તપાસ કરતા નથી.

ઈંગ્લેન્ડ એન્ડ વેલ્સ ક્રિકેટ બોર્ડ (ઇસીબી)એ સૌપ્રથમ 2018માં રેન્ડમ બેટ ચેકની શરૂઆત કરી હતી. ટૂર્નામેન્ટમાં વપરાતા કેટલાક બેટના માપ અંગે મેચ અધિકારીઓમાં ચિંતા વ્યક્ત થયા બાદ આઇપીએલએ આ પગલું ભર્યું હતું.

2031 મહિલા ફિફા વર્લ્ડકપની યજમાની અમેરિકન જૂથને મળી

2035ના મહિલા ફૂટબોલ વર્લ્ડકપ માટે ઇંગ્લેન્ડની આગેવાની હેઠળના યુકેના પ્રોજેક્ટને ફિફાની મંજૂરી



ઝૂરિચ, તા. 23 : ફીફાએ સોમવારે પુષ્ટિ કરી કે 2031ના મહિલા વર્લ્ડકપની યજમાની અમેરિકાની આગેવાનીમાં ચાર દેશો (અમેરિકા, મેક્સિકો, કોસ્ટા રિકા અને જમૈકા) સંભાળશે, જ્યારે 2035ના મહિલા વર્લ્ડકપ માટે ઈંગ્લેન્ડની આગેવાની હેઠળના યુકેના પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. 1966 પછી પ્રથમ વખત ઈંગ્લેન્ડ વર્લ્ડકપનું યજમાન બનશે.

આ બંને ટુર્નામેન્ટમાં પ્રથમ વખત 48 ટીમો અને 104 મેચો રમાશે, જે પુરુષ વર્લ્ડ કપના ફોર્મેટને સમાન છે. ફીફા પ્રમુખ જિયાની ઈન્ફન્ટિનો અને વિજેતા દાવેદારોએ વ્યાપારી સફળતા અને તેની તમામ આવક મહિલા ફૂટબોલમાં ફરીથી રોકવાનો વાયદો કર્યો છે. અમેરિકાના નેતૃત્વ હેઠળની બોલીમાં 20 શહેરોના સ્ટેડિયમનો વિકલ્પ છે, જેમાં અમેરિકાના 14, મેક્સિકોના 4, કોસ્ટા રિકાના સાન જોસ અને જમૈકાના કિંગ્સ્ટનનો સમાવેશ થાય છે. યુકેની બોલીમાં ઈંગ્લેન્ડ, ઉત્તરી આયર્લેન્ડ, સ્કોટલેન્ડ અને વેલ્સ જોડાયેલા છે, જેમાં લંડનના વેમ્બલી સ્ટેડિયમ સહિત 19 સ્થળોનો વિકલ્પ છે.

ડી વિલિયર્સનો ઓસ્ટ્રેલિયાએ ડરબનથી જ બોલ ટેમ્પરિંગ શરૂ કર્યાનો દાવો

ઓસ્ટ્રેલિયાના બોલરો સહિતના તમામ ખેલાડીઓ આ પૂર્વયોજિત કાવતરાથી વાકેફ હોવાનો દિગ્ગજ બેટ્સમેનનો દાવો

ઓસ્ટ્રેલિયન ટીમ દ્વારા સેન્ડપેપર કાંડની શરૂઆત પોર્ટ એલિઝાબેથમાં નહીં પણ ડરબનથી જ શરૂ થઇ ગઇ હતી : ડિવિલિયર્સ

નવી દિલ્હી, તા. 23 (પીટીઆઈ) : દક્ષિણ આફ્રિકાના દિગ્ગજ બેટ્સમેન એબી ડી વિલિયર્સે દાવો કર્યો છે કે ઓસ્ટ્રેલિયાએ 2018ની સીરિઝની ડરબન ખાતેની પ્રથમ ટેસ્ટ મેચથી જ બોલ ટેમ્પરિંગ શરૂ કરી દીધું હતું, જોકે આ 'સેન્ડપેપર ગેટ' તરીકે ઓળખાવાયેલું કૌભાંડ પાછળથી કેપટાઉનમાં રમાયેલી ત્રીજી મેચમાં બહાર આવ્યું હતું. આ મહિનાની શરૂઆતમાં ઉસ્માન ખ્વાજાની આત્મકથા દ્વારા આ વિવાદ ફરી સપાટી પર આવ્યો હતો.

બધા માત્ર સેન્ડપેપરને જ ધ્યાને લે છે પણ પૂર્વનિયોજિત કાવતરા અંગે કોઇ બોલતુ નથી : ડી વિલિયર્સ

ડી વિલિયર્સે આ કૌભાંડમાં માત્ર 'સેન્ડપેપર' પર આટલું બધું ધ્યાન કેમ આપવામાં આવી રહ્યું છે તે અંગે આશ્ચર્ય વ્યક્ત કરતા કહ્યું કે, આ સૌથી વિચિત્ર બાબત છે કારણ કે અત્યારે દરેક વ્યક્તિ માત્ર સેન્ડપેપર વિશે જ વાત કરી રહી છે. હાલમાં દરેક જણ મુખ્ય મુદ્દો ચૂકી રહ્યું છે અને આ વાત મને ખૂબ મૂંઝવે છે. આપણે બધા કઈ વસ્તુનો ઉપયોગ થયો હતો તેની આટલી ચિંતા શા માટે કરી રહ્યા છીએ? મૂળ હકીકત એ છે કે મેદાન પર કંઈક ગેરકાયદેસર કરવા માટે પૂર્વયોજિત નિર્ણય લેવામાં આવ્યો હતો અને દરેક વ્યક્તિ તેનાથી વાકેફ હતી. મને આમાં શૂન્ય ટકા પણ શંકા નથી.

ડી વિલિયર્સે પોતાના પોડકાસ્ટ પર જણાવ્યું હતું કે, આની શરૂઆત પોર્ટ એલિઝાબેથમાં નહીં, પરંતુ ડરબનથી થઈ હતી. અને જો લોકો મારા આ નિવેદનને ટાંકશે તો મને તેનો જરાય વાંધો નથી. તેણે વધુમાં કહ્યું કે, અમે ડરબનમાં રમાયેલી તે પ્રથમ ટેસ્ટ મેચ હારી ગયા હતા, જેમાં બોલ ખૂબ જ શંકાસ્પદ સમયે રિવર્સ સ્વિંગ થઈ રહ્યો હતો. કિંગ્સમીડના મેદાન પર કોઈ પણ બોલર માટે આટલો વહેલો બોલ રિવર્સ કરવો શક્ય નથી. પ્રથમ મેચ પહેલીથી પાંચમી માર્ચ, બીજી નવમીથી 12 માર્ચ અને ત્રીજી 22થી 25 માર્ચ દરમિયાન રમાઈ હતી. ડી વિલિયર્સે બીજી ટેસ્ટમાં રિવર્સ સ્વિંગ થઈ રહેલા બોલ સામે શાનદાર સદી ફટકારી હતી અને જ્યારે ન્યૂલેન્ડ્સ ખાતે બેનક્રોફ્ટ સેન્ડપેપરનો ટુકડો છુપાવતા પકડાયો ત્યારે તેઓ ક્રિઝ પર હાજર હતો. આ સીરિઝ બાદ ઇન્ટરનેશનલ ક્રિકેટમાંથી નિવૃત્તિ લેનારા ડી વિલિયર્સે કહ્યું કે, મારો વિશ્વાસ કરો, મેં ડરબનમાં ઘણું ક્રિકેટ રમ્યું છે. તેથી તેમણે ત્યાં જે કંઈ પણ કર્યું હોય પછી તે સેન્ડપેપર હોય કે નખ મને તેની કોઈ પરવા નથી. સત્ય એ છે કે તેઓ પકડાઈ ગયા હતા અને દરેક જણ આ વિશે જાણતું હતું. ખાસ કરીને બોલરો તો જાણતા જ હતા, કારણ કે બોલ આપમેળે રિવર્સ થતો નથી.

રાઇઝિંગ સ્ટાર્સ : આજે UAE સામે જીતી સેમીમાં સ્થાન મેળવવા પર ભારતની નજર

દોહા, તા. 23 : એશિયા કપ રાઇઝિંગ સ્ટાર્સ 50-ઓવર ક્રિકેટ ટુર્નામેન્ટના જો ભારતીય ટીમે સેમી ફાઇનલમાં પોતાનું સ્થાન સુરક્ષિત રાખવું હોય, તો તેના બોલરોએ આવતીકાલે મંગળવારે અહીં સંયુક્ત આરબ અમીરાત (યુએઇ) સામેની મેચમાં શિસ્તબદ્ધ પ્રદર્શન કરવું પડશે. રવિવારે ગ્રુપ બી મેચમાં ભારતીય બોલરો પાકિસ્તાન-એના બેટ્સમેન પર અસર કરવામાં નિષ્ફળ રહ્યા, અને પાકિસ્તાને તેનો લાભ ઉઠાવીને 313 રનનો મજબૂત સ્કોર બનાવ્યો હતો. યુએઈની ટીમ પાકિસ્તાન જેટલી મજબૂત ન હોઈ શકે, પરંતુ તેમને હળવાશથી ન લેવા જોઈએ. યુએઇએ પાકિસ્તાન સામે સારું પ્રદર્શન કર્યું.


ACT : આજે ચીન સામે પ્રભુત્વ જાળવી રાખવાનો ભારતીય મહિલા ટીમનો ઇરાદો

ભોપાલ, તા. 23 : સતત ત્રણ મેચ જીતીને સેમી ફાઇનલમાં સ્થાન નિશ્ચિત કરી ચૂકેલી ડિફેન્ડિંગ ચેમ્પિયન ભારતીય મહિલા હોકી ટીમ આવતીકાલે મંગળવારે વિમેન્સ એશિયન ચેમ્પિયન્સ ટ્રોફીની ચોથી મેચમાં ચીન સામે ટકરાશે ત્યારે ભારતનો ઇરાદો પોતાનું પ્રભુત્વ જાળવી રાખવો રહેશે.











પ્રીમિયરલીગ: માન્ચેસ્ટર યુનાઇટેડની લિવરપૂલ સામે 4-0થી કારમી હાર

મેચની શરૂઆતમાં જ લેની યોરોને રેડ કાર્ડ મળતા યુનાઇટેડ ખેલાડીઓ સાથે રમવાનો વારો આવ્યો

યુનાઇટેડના નવા મેનેજર તરીકે મોરિસિયો પોચેટિનોની શરૂઆત અત્યંત નિરાશાજનક રહી



લિવરપુલ, તા. 23 : એનફિલ્ડ ખાતે રમાયેલી પ્રીમિયર લીગ મેચમાં લિવરપૂલે માન્ચેસ્ટર યુનાઇટેડને 4-0થી હરાવતા યુનાઇટેડના નવા મેનેજર તરીકે મોરિસિયો પોચેટિનોની શરૂઆત અત્યંત નિરાશાજનક રહી છે. મેચની આઠમીમી મિનિટે જ એલેક્ઝાન્ડર ઇસાકને ફાઉલ કરવા બદલ યુનાઇટેડના લેની યોરોને રેડ કાર્ડ મળતાં ટીમ 10 ખેલાડીઓની થઇ ગઇ હતી. ત્યારબાદ 10મી મિનિટે ડોમિનિક સ્ઝોબોઝલાઇએ ફ્રી-કિક પર ગોલ કર્યો અને ત્રણ મિનિટ બાદ ફ્લોરિયન વિર્ટ્ઝે બીજો ગોલ ફટકારીને શરૂઆતમાં જ મેચનો રંગ બદલી નાખ્યો. બીજા હાફમાં રિયો ન્ગુમોહા 66મી અને વિક્ટર મુનોઝે 82મી મિનિટે ગોલ નોંધાવી જીત પાકી કરી.

યુનાઇટેડના મેનેજર તરીકે પોતાની પહેલી જ મેચમાં ૪-૦થી હારીને પોચેટિનોએ ૧૯૨૬માં લાલ હિલ્ડિચના અણગમતા રેકોર્ડની બરાબરી કરી છે. આ હાર સાથે યુનાઇટેડ લીગ ટેબલમાં બીજા ક્રમે સૌથી નીચે ધકેલાઇ ગયું છે, જે તેની છેલ્લા 40 વર્ષની સૌથી ખરાબ શરૂઆત છે. લિવરપૂલના ચાહકોએ પોચેટિનોની મજાક ઉડાવતા નારા પણ લગાવ્યા હતા. આ જીત સાથે લિવરપૂલ પોઇન્ટ ટેબલમાં ચોથા સ્થાને પહોંચી ગયું છે. આ ઉપરાંત, માન્ચેસ્ટર યુનાઇટેડ અને આર્સેનલ પછી પ્રીમિયર લીગમાં ૭૦૦ મેચ જીતનારી લિવરપૂલ ઇંગ્લેન્ડના ટોપ ડિવિઝનની ત્રીજી ટીમ બની છે.

હલ સિટી સામે બ્રાઇટનનો આંચકાજનક પરાજય

અન્ય એક મેચમાં, બીજા સ્થાને રહેલા બ્રાઇટનને હલ સિટી સામે ૨-૦થી હારનો સામનો કરવો પડ્યો, જેનાથી તે ટોચની ટીમ આર્સેનલ સાથેનો પોઇન્ટ તફાવત ઘટાડવાની તક ચૂકી ગયું. હલના ગોલકીપર કોન્સ્ટેન્ટિનોસ ટ્ઝોલાકિસે શાનદાર બચાવ કરીને બ્રાઇટનને રોકી રાખ્યું હતું.

બાર્સેલોના વિલારિયલ સામે આત્મઘાતી ગોલની મદદથી જીત્યું

ટ્યુરિન, તા. 23 (એપી): રવિવારે રમાયેલી સ્પેનિશ લીગની મેચમાં બાર્સેલોનાએ બે ગોલથી પાછળ રહ્યા બાદ વાપસી કરીને વિલારિયલને 3-2થી હરાવ્યું હતું અને પોઇન્ટ ટેબલમાં ટોચ પર ત્રણ પોઇન્ટની લીડ જાળવી રાખી હતી. વિલારિયલે પ્રથમ સાત મિનિટમાં જ 2-0ની સરસાઈ મેળવી લીધી હતી. હાફટાઇમ પહેલા લમીન યમાલ પેનલ્ટી ચૂકી ગયો હતો. જોકે, બીજા હાફમાં બાર્સેલોનાના ખાતામાં માત્ર 10 મિનિટમાં ત્રણ ગોલ થયા હતા.

બીજી ટેસ્ટ : યાન્સન-નોર્કિયાની કાતિલ બોલિંગથી બાંગ્લાદેશ 91 રનમાં ઓલઆઉટ

વરસાદ પ્રભાવિત પ્રથમ દિવસે રબાડા-યાન્સનની ત્રણ-ત્રણ નોર્કિયાની બે વિકેટથી બાંગ્લાદેશનો વિંટો વળ્યો

સેન્ચુરિયન, તા. 23 : અહીં આજે મંગળવારથી શરૂ થયેલી પ્રથમ ટેસ્ટમાં વરસાદને કારણે પહેલું સેશન ધોવાઇ ગયા પછી માર્કો યાન્સન અને એનરિચ નોર્કિયાની તીક્ષ્ણ બોલિંગ સામે બાંગ્લાદેશનો પ્રથમ દાવમાં માત્ર 91 રનમાં વિંટો વળી ગયો હતો અને દક્ષિણ આફ્રિકાએ પ્રથમ દિવસનાં અંત સુધીમાં પોતાના પ્રથમ દાવમાં એક વિકેટે 88 રન બનાવી લીધા હતા. સ્ટમ્પ સમયે માર્કસ એકરમેન 46 અને ઝુબેર હમઝા 9 રને ક્રિઝ પર હતાં.

સોમવારે સવારના આખા સત્રમાં વરસાદ પડ્યો હતો, જેના કારણે રમત લગભગ ચાર કલાક મોડી શરૂ થઈ હતી. ત્યારબાદ દિવસના બાકીના બે સત્રોમાં 60-60 ઓવર રમવાનો નિર્ણય લેવામાં આવ્યો. યજમાન દક્ષિણ આફ્રિકાએ ટોસ જીતીને બોલિંગ પસંદ કર્યા પછી વાદળછાયા વાતાવરણ અને ભીના મેદાન પર બેટિંગ કરવા ઉતરેલા બાંગ્લાદેશે શરૂઆતમાં તંજીદ હસનની વિકેટ ગુમાવતા તેની શરૂઆત ખરાબ રહી હતી. તે પછી મહફિઝુલ ઇસ્લામ (23) અને મોમિનુલ હક (18) એ બીજી વિકેટ માટે 37 રન ઉમેરીને ઇનિંગ્સને સંભાળી હતી, જો કે નોર્કિયાએ ઉપરાછાપરી બે વિકેટ ખેરવીને તેમની સ્થિતિ બગાડી હતી. બાંગ્લાદેશને 91 રનમાં ઓલઆઉટ કરવામાં યાન્સન અને નોર્કિયાની સાથે જ કગિસો રબાડાની ભૂમિકા પણ મહત્વની રહી હતી.

અલ્કારાઝે ઝ્વેરેવને હરાવી પહેલીવાર ATP ફાઇનલ્સ ટાઇટલ જીત્યું

એટીપી ફાઇનલ્સ જીતનારો માત્ર ચોથો ખેલાડી બની અલ્કારાઝ દિગ્ગજોની એલિટ ક્લબમાં સામેલ



ટુરિન, તા. 23 (એપી) : કાર્લોસ અલ્કારાઝે એલેક્ઝાન્ડર ઝ્વેરેવને સીધા સેટમાં હરાવીને એટીપી ફાઇનલ્સ ટેનિસ ટુર્નામેન્ટ જીતી, કેરિયર ગ્રાન્ડ સ્લેમ પૂર્ણ કરનાર અને એટીપી ફાઇનલ્સ જીતનાર ચોથો ખેલાડી બન્યો હતો. આ પહેલાં આ સિદ્ધિ માત્ર આન્દ્રે અગાસી, રોજર ફેડરર અને નોવાક જોકોવિચના નામે હતી.

એટીપી ફાઇનલ્સની ચેમ્પિયનશિપ મેચમાં અલ્કારાઝે ટોચના ક્રમાંકિત ઝ્વેરેવને 6-2, 7-6 (7) થી હરાવ્યો, અને ચારેય ગ્રાન્ડ સ્લેમ અને સિઝનની અંતિમ ઇવેન્ટ જીતનારા ખેલાડીઓના વિશિષ્ટ ક્લબમાં જોડાયો. ડાબા પગના સ્નાયુઓની ઈજા અને સાડા ચાર મહિનાના વિરામ બાદ વાપસી કરનાર અલ્કારાઝનો આ સતત 14મો વિજય છે, જેનાથી તેને અંદાજે 5.2 મિલિયન ડોલરની ઈનામી રકમ મળી છે.